**<u>જામનગર સીટી સી ડીવીઝન પો. સ્ટે. ગુ. ર. નં.૧૧૨૦૨૦૦૨૨૬૧૨૯૨/૨૦૨૬ પ્રોહી. એકટની કલમ–૬૫(ઈ) મુજબનાં ગુન્હાનાં કામે આરોપી નીતીન દીનેશભાઈ શીં ગરખીયા રહે.શંકરટેકરી સુભાષપરા શેરી નં–૨ , જામનગર વાળાઓની જામીન અરજી લગત હુકમ.</u>**

આરોપી તરફે વિ.વ.શ્રી. દવારા આરોપીને જામીન ઉપર મુકત કરવા સારુ હાલની જામીન અરજી દાખલ કરવામાં આવેલ છે. તેઓની મુખ્ય રજુઆત એવી છે કે, આરોપી તદ્દન નિર્દોષ છે, તેઓએ કહેવાતો કોઈ ગુન્હો કરેલ નથી. તેઓનાં કુટુંબની આર્થીક તેમજ સામાજીક જવાબદારી તેઓનાં શીરે છે. આરોપી કોઈ ગુન્હાહીત ઈતિહાસ ધરાવતાં નથી કે કયાંય નાશી કે ભાગી જાય તેમ નથી. જો આરોપીની જામીન અરજી નામંજુર કરવામાં આવશે તો તેની વિપરીત અસરો સીધી તેઓનાં કુટુંબની વ્યકિતઓ ઉપર પડશે અને તેનાં પરીણામે આરોપીનો પરીવાર રજળી પડશે, વળી આરોપી સામે આક્ષેપીત ગુન્હાની ગંભીરતા અને મહત્તમ સંભવીત સજાની જોગવાઈ ધ્યાને લેતાં તે આજીવન કેદ કે વિકલ્પે મોતની સજાને પાત્ર ગુન્હો નથી, વળી Sanjay Chandra V/s. CBI નાં નામદાર સુપ્રિમ કોર્ટનાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત *" Bail is a rule and jail is an exception "* તે સિધ્ધાંત ને ધ્યાને લઈ આરોપીને યોગ્ય શરતોને આધીન જામીન મુકત કરવા અરજ ગુજારેલ છે.

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. અરજી લગતનો લેખીત વાંધો ધ્યાને લીધો. તેઓની મુખ્ય રજુઆત એવી છે કે, હાલનાં આરોપી સામે પ્રોહી એકટની કલમ– ૬૫(ઈ)મુજબનાં પોતાના રહેણાંક મકાનમા ગે.કા.પાસ પરમીટ વગર પોતાના કબજા માં દેશી પીવાનો દારુ લીટર ૨૩ જેની કિ. રુ. ૪૬૦૦/–નો રાખવા ના ગુન્હાનો આક્ષેપ છે એફ.આઈ.આર જોતાં આરોપી સામે ઉપરોકતગુન્હાનોપ્રથમ દર્શનીય કેસ છે. સદર આરોપીને જો જામીન મુકત કરવામાં આવશે તો ફરી આજ પ્રકારનાં ગુન્હાઓ તે ફરી આચરશે અને પરીણામે સમાજ ઉપર તેની વિપરીત અસરો ઉભી થશે વળી આરોપી સામેનાં આક્ષેપીત ગુન્હાની ગંભીરતાં અને મ'ત્તમ સંભવીત સજાની જોગવાઈ ધ્યાને લઈ આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

સદર કામે બંન્ને પક્ષોની દલીલો સાંભળી, એફ.આઈ.આર. તથા અન્ય ઉપલબ્ધ પોલીસ પેપર્સ વંચાણે લીધા. જામીન અરજી ડીસાઈડ કરતી વખતે નામદાર કોર્ટે વિવેકબુધ્ધી નો ઉપયોગ કરવાનો રહે છે અને તે વિવેકબુધ્ધીનો ઉપયોગ કરતી વખતે *Sound Judicial Mind* વાપરવાનું છે, એટલે કે જામીન અરજી ડીસાઈડ કરતી વખતે કોર્ટે નામદાર સુપ્રિમકોર્ટ દવારા જામીન અંગે પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ની સાથે આરોપી સામે આક્ષેપીત ગુન્હાની ગંભીરતાં, મહત્ત્મ સંભવીત સજાની જોગવાઈ, આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજર રહેવાની શકયતા,આરોપીનો સદરહું ગુન્હામાં રોલ,આરોપીની મોડસ ઓપરન્ડી, આરોપી સામેનો પ્રથમદર્શનીય કેસ વિગેરે ફેકટર્સ

ધ્યાને લઈ આરોપીની તરફેણ કરી આરોપીને જામીન મુકત કરવા કે નહી તે નકકી કરવાનું રહે છે અને તેનો આધાર દરેક કેસની હકીકતો અને સંજોગો ઉપર રહેલો છે.

બંન્ને પક્ષોને ગંભીરતાપુર્વક સાંભળ્યા બાદ નામદાર સુપ્રિમ કોર્ટ અને અન્ય વિવિધ વડી અદાલતોનાં જામીન અંગે પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો સાથે સદર કેસમાં ઉપરોકત જણાવેલ તમામ પાસાઓનો અભ્યાસ કરી તથા તેની સાથે રેકર્ડ પરનાં સંજોગો અને હકીકતો ધ્યાને લઈ વિવેકબુધ્ધિનો ઉપયોગ આરોપીની તરફેણમાં કરી આરોપીને જો શરતી જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ન્યાયનો હેતું જળવાશે તેવું મારું ઉપરોકત ચર્ચાને આધીન માનવું છે. જેથી આરોપીની જામીન અરજી લગત નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

## :: આખરી હુ ક મ ::

૧) આરોપીની હાલની જામીન અરજી મંજુર કરવામા આવે છે.

૨) આરોપીએ રૂપીયા ૧૫,૦૦૦/–(પંદર હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલીજ રકમના જાત મુચરકા રજુ કરેથી જામીનપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩) અરોપીએ પોતાની જાતને અન્ય કોઈ ગુન્હામાં સીધી કે આડકતરી રીતે સંડોવવું નહી તેની ખાસ કાળજી રાખવી.

૪) આરોપીએ પોલીસ તપાસમાં પુરતો સાથ અને સહકાર આપવો તથા જામીન રજુ કરતી વખતે આધાર પુરાવા સાથે પોતાનું કાયમી/હાલનું સરનામું મોબાઈલ નંબર સાથેનું રજુ રાખવું.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો

તારીખ : ૧૧ – ૦૮ –૨૦૨૬.
જામનગર.

( સી.એલ.કાપડીયા )
ચોથા એડીશ્નલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
જામનગર.
( કોડ નંબર – GJ01531)

S.K.Dani